K. R. Upadhyay
Chairman

**District Legal Services Authority, Surendranagar**
Opp. Tagor Baug, District Court Compound,
Fast Track Court Building, Surendranagar – 363001.
Phone No. 02752-284280, E-mail Id- surendranagardlsa@gujarat.gov.in

**No./ 489 /2026** **Date:- 03.04.2026**

# લીગલ એઈડ પેનલ એડવોકેટની નિયુકતી માટેની જાહેરાત

નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરેન્દ્રનગર ધ્વારા સુરેન્દ્રનગર જીલ્લાની તમામ અદાલતોમાં મફત અને સક્ષમ કાનૂની સહાય પુરી પાડી શકાય તે હેતુથી નીચે મુજબની અદાલતોમાં વકીલશ્રીઓની નવી પેનલ રચવાની હોવાથી, લાયકાત ધરાવતા વકીલશ્રીઓ તરફથી આ સાથે નિયત કરેલ નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**પેનલની વિગતો**

| ક્રમ | પેનલનું નામ / અદાલતની વિગત |
|---|---|
| ૧ | સેશન્સ કોર્ટ : ધ્રાંગધ્રા અને લીંબડી. |
| ૨ | સુરેન્દ્રનગર મુકામે આવેલ તમામ કોર્ટના ક્રિમીનલ (LADC સિવાયના) કેસો માટે. |
| 3 | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરેન્દ્રનગર તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, વઢવાણ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, લીંબડી, મુળી, સાયલા, ચોટીલા, પાટડી, લખતર, થાનગઢ અને ચુડા. |
| ૪ | ફેમીલી કોર્ટ : સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા અને લીંબડી. |
| ૫ | લેબર કોર્ટ, સુરેન્દ્રનગર. |
| ૬ | જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરેન્દ્રનગર. |
| ૭ | જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ, સુરેન્દ્રનગર. |

## અરજી મોકલતાં પહેલા નીચે જણાવેલ સુચનાઓ કાળજીપૂર્વક વાંચવી.

- પ્રત્યેક અરજદારે પોતે જે અદાલતોમાં લીગલ એઈડ એડવોકેટ તરીકે સેવા આપવા માંગતા હોય તે અદાલતોને સંલગ્ન તાલુકા કાનૂની સેવા સમિતિમાં તેમજ ફેમીલી કોર્ટ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા અને લીંબડી ખાતે તેમજ લેબર કોર્ટ, સુરેન્દ્રનગર તેમજ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરેન્દ્રનગર તથા જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ, સુરેન્દ્રનગર માં જ અરજી કરવાની રહેશે.
- માત્ર તેવા જ ઉમેદવારો કે જેઓની લાયકાત સંતોષાય છે તેઓ જ પેનલ માટે અરજી કરી શકશે.
- દરેક ઉમેદવારે અરજીના ફોર્મમાં જરૂરી તમામ વિગતો સંપૂર્ણ રીતે પૂરી પાડવી અને અધુરી વિગતવાળી અરજી રદ થવાપાત્ર થશે.
- અરજી સ્વીકારવાની અંતિમ તારીખ <u>૨૦/૦૪/૨૦૨૬</u> રહેશે.

## જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ માટે

- સિવિલ કેસો માટેની પેનલ.
- એમ.એ.સી.પી. કેસો માટેની પેનલ.
- ક્રિમીનલ (LADC ની ઓફિસને ના ફાળવી શકાય તેવા) કેસો માટેની પેનલ.
- રેવન્યુ કેસો માટેની પેનલ.

જે અરજદારોએ ફોર્મ સ્વીકારવાની આખર તારીખ સુધી જે તે પેનલમાં જણાવેલ કેસો ચલાવવાનો સામાન્યતઃ ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેઓ જ, જે તે પેનલ માટેની ઉમેદવારી નોંધાવી શકશે. જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરેન્દ્રનગર માટે જો એક કરતાં વધુ પેનલ માટે ઉમેદવારી નોંધાવવા માંગતા હોય તો અરજી ફોર્મમાં તે અંગેની વિગત ભરવા માટે નિયત કરેલ કોલમમાં તે વિગત સ્પષ્ટ પણે દર્શાવવી.

## પસંદગીની પ્રક્રિયા

- નાલ્સા (ફ્રી એન્ડ કોમ્પીટન્ટ લીગલ સર્વિસીઝ રેગ્યુલેશન) ૨૦૧૦ તથા સદર રેગ્યુલેશનમાં સને. ૨૦૧૮ માં થયેલ સુધારામાં જણાવેલ પ્રક્રિયાને અનુસરી પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.

- લાયકાતના પરીબળોને સંતોષવા માત્રથી કોઈપણ ઉમેદવારને પસંદગી માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહિ.

- આવેદનપત્રો મળ્યાની સંખ્યા ઉપર અને અત્રેની સત્તા મંડળની જરૂરીયાતને લક્ષમાં રાખીને આ સત્તામંડળ ઉમેદવારોની પસંદગી સૂચિ કરવાનો હકક અબાધિત રાખે છે.

- લીગલ એઈડ વકીલ તરીકે પેનલ ઉપર નોંધણી કરવા માટે નીચે મુજબના પરીબળો ધ્યાને લેવામાં આવશે.
  - ઉમેદવારની લાયકાત / વ્યકિતત્વ.
  - કાયદાનું જ્ઞાન / કાયદાની અભિરૂચી.
  - કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરવાની તિવ્રતા, પ્રતિબધ્ધતા અને વૃતિ.
  - જીલ્લા કોર્ટમાં તથા તાલુકા કોર્ટમાં ઉમેદવારની નિયમિતતા / ઉપલબ્ધતા.

- પસંદગી માટે પર્સનલ ઈન્ટરવ્યુ માટેનું સ્થળ જીલ્લાકાનૂની સેવા સત્તામંડળ, સુરેન્દ્રનગર ધ્વારા નકકી કરવામાં આવશે અને તે મુજબ પર્સનલ ઈન્ટરવ્યુ માટે દરેક અરજદારે સ્વખર્ચે હાજર રહેવું ફરજીયાત રહેશે.

- પેનલ યાદી અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જીલ્લા અદાલતના નોટીસ બોર્ડ ઉપર તથા તાલુકા કાનૂની સેવા સમિતિઓના નોટીસ બોર્ડ ઉપર લગાડવામાં આવશે.

## પેનલ ઉપર નોંધણી માટેની શરતો

- નિમણુંકની તારીખથી બીજો આદેશ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે નવી પેનલની રચના કરવામાં આવશે. પરંતુ, નિમણુંક પામેલ દરેક પેનલ વકીલની કામગીરી અને કાર્યની સમીક્ષા કરવામાં આવશે.

- દરેક પેનલ વકીલશ્રીને ગુજરાત સરકાર ધ્વારા તેમજ ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળ ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવતી તેમજ માન્ય કરેલ અનુસૂચિ મુજબની ફી / માનદવેતન ચુકવવામાં આવશે.

- આ સત્તામંડળ ધ્વારા કે નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ ધ્વારા આયોજન કરવામાં આવતા તાલીમ અંગેના કાર્યક્રમો તથા રીફ્રેશર કાર્યક્રમોમાં હાજર રહેવા જયારે જાણ કરવામાં આવે ત્યારે દરેક પેનલ વકીલે હાજર રહેવાનું રહેશે. જો આ પ્રકારના તાલીમી કાર્યક્રમોમાં પેનલ વકીલ ગેરહાજર રહેશે તો તેઓનું નામ પેનલમાંથી રદ થવાને પાત્ર થશે.

- આપવામાં આવતી કાનૂની સેવાઓ ઉપર અસરકારક દેખરેખ રાખી શકાય તે હેતુથી પેનલ ઉપર નોંધાયેલ વકીલશ્રીએ પોતાને સોંપવામાં આવતા દરેક કેસની દરેક મુદતના અંતે પ્રગતિ અહેવાલ રજુ કરવાનો રહેશે અને જો પ્રગતિ અહેવાલ રજુ નહિં કરવામાં આવે તો તેવા વકીલનું નામ પેનલમાંથી રદ કરવામાં આવશે.

- પેનલ ઉપરના વકીલ પાસેથી લીગલ સર્વિસ કલીનીકમાં, જેન્ડર રીસોર્સ સેન્ટરમાં, ઓબ્ઝર્વેશન હોમ વિગેરેમાં સેવાઓ લેવાનો તેમજ અન્ય કોઈ કામગીરી કે જાગૃતિ કાર્યક્રમોમાં સેવાઓ લેવાનો પોતાનો હકક આ સત્તામંડળ અબાધિત રાખે છે.

- ફ્રન્ટ ઓફિસ માટેના રીટેઈનર એડવોકેટની યાદી સમયાંતરે ક્રમાનુસાર કરવામાં આવશે.

- ફ્રન્ટ ઓફિસ માટેના રીટેઈનર એડવોકેટ તરીકે જેઓ પસંદગી પામશે અને જે મહિને જેમનો ફ્રન્ટ ઓફિસમાં ઓર્ડર કરવામાં આવશે તેમણે ફ્રન્ટ ઓફિસમાં મહિનાના ચાલુ કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી ૦૬.૧૦ સુધી પોતાની ફરજ બજાવવાની રહેશે તથા મસ્ટરમાં સહી કરવાની રહેશે. વધુમાં, જે મહિને ફ્રન્ટ ઓફિસમાં ઓર્ડર જે રીટેઈનર એડવોકેટશ્રીનો હશે તેમણે દર અઠવાડીયામાં બે દિવસ જેલની મુલાકાત લઈ કેદીઓને લીગલ એઈડની જરૂરીયાત હોય તે અંગે ફોર્મ ભરી જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરેન્દ્રનગર તથા સબંધિત તાલુકા કાનુની સેવા સમિતિમાં રજુ કરવામાં આવશે.

  વધુમાં, ફ્રન્ટ ઓફિસમાં જે રીટેઈનર એડવોકેટશ્રીનો ઓર્ડર હોય તેમણે સ્ટેટ પ્લાન ઓફ એકશન મુજબની તે મહિનામાં થતી કાનૂની શિક્ષણ શિબિરમાં ભાગ લેવાનો રહેશે.

## પેનલ ઉપર નોંધણી માટેની શરતો

- જો કોઈપણ વકીલશ્રીની કામગીરી અસંતોષકારક હશે અથવા કોઈપણ વકીલશ્રી કાનૂની સહાય જે વ્યકિતને પુરી પાડવામાં આવેલ છે તે વ્યકિતની પાસેથી કોઈપણ પ્રકારની રકમની માંગણી કર્યાની અથવા મેળવ્યાના તહોમતમાં દોષિત ઠર્યેથી અથવા સદર અધિનિયમની યોજના, નિયમો અને વિનિયમોના કોઈ પ્રબંધનો ભંગ કર્યેથી નામ પેનલ ઉપરથી નાબુદ કરવામાં આવશે અને તેમની સામે વ્યવસાયિક ગેરવર્તણુંક અંગેના પગલાં લેવામાં આવશે.

- ધી લીગલ સર્વિસ ઓથોરીટીઝ એકટ-૧૯૮૭ ના હેતુ અને ઉદેશને પાર પાડવા માટે આ સત્તામંડળ લીગલ એઈડ વકીલની ફરજોના પરીઘને વધારવા માટેનો પોતાનો હકક અબાધિત રાખે છે.

સ્થળ : સુરેન્દ્રનગર.

તારીખ : 03/0૪/૨૦૨૬

(કે. આર. ઉપાધ્યાય)
ચેરમેન
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
સુરેન્દ્રનગર.

**બહોળી પ્રસિધ્ધી, જરૂરી કાર્યવાહી તથા જાણકારી માટે નકલ રવાના :**

૧. સુરેન્દ્રનગર જિલ્લાના નોટીસ બોર્ડ, તમામ તાલુકા કાનૂની સેવા સમિતિ તેમજ તે હસ્તકના તમામ નામદાર કોર્ટના નોટીસ બોર્ડ.
૨. જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, કલેકટર કચેરી, સુરેન્દ્રનગરના નોટીસ બોર્ડ.
૩. સુરેન્દ્રનગર જિલ્લાના તમામ મામલતદાર કચેરીઓના નોટીસ બોર્ડ.
૪. ગ્રાહક તકરાર નિવારણ કમિશન, સુરેન્દ્રનગરના નોટીસ બોર્ડ.
૫. સુરેન્દ્રનગર જિલ્લાના તમામ બાર એસોશીયેશન ના નોટીસ બોર્ડ.
૬. તમામ ફેમીલી કોર્ટ ના નોટીસ બોર્ડ.
૭. લેબર કોર્ટ, સુરેન્દ્રનગર ના નોટીસ બોર્ડ.
૮. જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરેન્દ્રનગર ના નોટીસ બોર્ડ..

આ જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ કોર્ટના નોટીસ બોર્ડ ઉપર સદર જાહેરાત લગાવવા સારૂ.

# લીગલ એઈડ પેનલ માટેનું અરજી ફોર્મ : સને - ૨૦૨૬

અરજી નં.______________(કચેરીના ઉપયોગ માટે)

ઉમેદવારનો નવીનતમ પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ

| ક્રમ | લીગલ એઈડ પેનલની વિગત |
|---|---|
| ૧ | સેશન્સ કોર્ટ : ધ્રાંગધ્રા અને લીંબડી. |
| ૨ | સુરેન્દ્રનગર મુકામે આવેલ તમામ કોર્ટના ક્રિમીનલ (LADC સિવાયના) કેસો માટે. |
| ૩ | જિ.કા.સે.સ.મં., સુરેન્દ્રનગર તથા તા.કા.સે.સ., વઢવાણ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, લીંબડી, મુળી, સાયલા, ચોટીલા, પાટડી, લખતર, થાનગઢ અને ચુડા. |
| ૪ | ફેમીલી કોર્ટ : સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા અને લીંબડી. |
| ૫ | લેબર કોર્ટ, સુરેન્દ્રનગર. |
| ૬ | જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરેન્દ્રનગર. |
| ૭ | જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ, સુરેન્દ્રનગર. |

અમો ઉપરોકત પેનલ પૈકી (પેનલ ક્રમ નંબર) : ..........................................................................................
ની પેનલ માટે આ અરજી રજુ કરીએ છીએ. અમોની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | વકીલશ્રીનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ | નામ : |
| | | સરનામું : |
| | | મોબાઈલ નંબર : |
| | | ઈ-મેઈલ એડ્રેસ : |
| ૨ | સનદ નંબર અને તારીખ (સનદની નકલ જોડવી) | |
| ૩ | જે કોર્ટના એડવોકેટ રજીસ્ટરમાં નોંધણી કરાવેલ છે તે કોર્ટનું નામ લખવું. | |
| ૪ | પ્રેકટીસ શરૂ કર્યા તારીખ | |
| ૫ | કયા ક્ષેત્રમાં બહોળો અનુભવ / રસ ધરાવો છો ? (દિવાની, લેબર, મેટ્રીમોનીયલ ફોજદારી, એમ.એ.સી.પી.,રેવન્યુ, જુવેનાઈલ, ગ્રાહક તકરાર) | |
| ૬ | શું અગાઉ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિની પેનલ ઉપર નોંધાયેલા રહેલા છો ? જો હા તો વિગત દર્શાવો. | |
| ૭ | શું કોઈ શિસ્તભંગનો કેસ કે ફરીયાદ આપના વિરૂધ્ધ બાર કાઉન્સીલમાં કે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં કરવામાં આવેલી છે ? જો હા તો તેની વિગત દર્શાવો. | |

| | | |
|---|---|---|
| ૮ | શું આપ સામે ભારતભરમાં કોઈ ફોજદારી કેસ નોંધાયેલ (પેન્ડીંગ છે / સજા થયેલ હોય) છે કે કેમ ? હા, તો વિગત દર્શાવો. | |
| ૯ | શું પેનલ એડવોકેટ તરીકે પસંદગી થાય તો ફ્રન્ટ ઓફિસમાં રીટેઈનર એડવોકેટ તરીકે રહેવા માટે સંમત છો ? (પેનલ એડવોકેટની જાહેરાતમાં પેનલ ઉપર નોંધણી માટેની શરતોના પેરા નં. ૭ વંચાણે લઈ સંમતી આપવી.) | |

આથી હું પ્રતિજ્ઞા પુર્વક જણાવુ છું કે ઉપર આપેલી તમામ માહિતી સાચી અને ખરી છે અને જો મને કાનુની સહાયના પેનલ એડવોકેટ તરીકે નિયુકત કરવામાં આવશે તો હું મારી સેવા ખંત અને વફાદારી પુર્વક બજાવીશ અને નીચેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરીશ.

(૧) પેનલ એડવોકેટ તરીકે ફાળવવામાં આવેલ તમામ કામ ખંત પુર્વક પ્રમાણીકતાથી કરવાનું રહેશે.

(૨) કાનુની સહાય મેળવનાર કોઈપણ લાભાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ખર્ચની રકમની કે અન્ય કોઈ આર્થિક કે અન્ય કોઈપણ પ્રકારની વળતરની અપેક્ષા રાખીશ નહી કે સ્વીકારીશ નહી અને જો આ બાબતે મારી સામે કોઈપણ પ્રકારની ફરીયાદ આવે તો મોનીટરીંગ કમીટી તેની તપાસ કરી તપાસના અંતે મારી સામેના આક્ષેપો પુરવાર થયેથી પેનલ પરથી રીમુવ કરવા હકકદાર રહેશે.

(૩) અમોને સોંપવામાં આવેલ તમામ કામની દરેક મુદતે કોર્ટમાં નિયમીત હાજર રહી કેસનો ઝડપી નિકાલ થાય તે માટે હર હંમેશ પ્રયત્નશીલ રહીશ.

(૪) કાનુની સેવા સમિતિ ધ્વારા યોજવામાં આવતી તમામ ટ્રેનીંગ અને મીટીંગ માં હાજરી આપીશ અને લીગલ એઈડની તમામ સ્કીમોના અસરકારક અમલીકરણ માટે બનતા તમામ પ્રયત્ન કરીશું.

(૫) લીગલ સર્વિસ ઓથોરીટી એકટ તથા ફ્રી એન્ડ કોમ્પીટન્ટ લીગલ સર્વિસ સ્કીમના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરીશું.

<u>ઉપરોકત તમામ શરતો મેં વાંચી-સમજી છે અને તેનું પાલન કરવા માટેની સંપુર્ણ ખાત્રી અને બાંહેધરી આપુ છું.</u>

તારીખ : / /૨૦૨૬

સ્થળ : ..........................................

ઉમેદવારની સહી

નોંધ :૧. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૨૦/૦૪/૨૦૨૬.

૨. અરજીના ફોર્મમાં જરૂરી તમામ વિગતો સંપૂર્ણ રીતે પુરી પાડવી અને અધુરી વિગતવાળી અરજી રદ થવા પાત્ર